ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# નવસારી-વલસાડ-વાપી

| હવામાન | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| નવસારી | ૩૨.૦° સે. | ૧૪.૦° સે. |
| આહવા | ૩૪.૦° સે. | ૧૫.૦° સે. |
| વલસાડ | ૩૧.૦° સે. | ૧૨.૦° સે. |
| વાપી | ૩૧.૦° સે. | ૧૨.૦° સે. |



**સરબતીયા તળાવ**

# કાયદાની ગેરકાયદે ચુંગાલમાં?



**નવસારી** મનપાના તંત્ર દ્વારા જ પરિપત્રની ખુલ્લી અવગણના, ગેરકાયદે પ્રવૃત્તિ આચરવામાં આવી રહી હોવાના સંગીન આક્ષેપ

**શહેરના** વરિષ્ઠ નાગરિકે સીધી મ્યુનિ. કમિશનરને નોટિસ ફટકારી, ફરજમાં ગંભીર ચૂક બતાવી કાયદેસરની કાર્યવાહી કરવા ચીમકી

નવસારીઃ નવસારી શહેરના સરબતિયા તળાવમાં ચાલી રહેલી પ્રવૃત્તિ હવે વિકાસનો મુદ્દો નથી રહી, પરંતુ સીધી કાયદાની અવગણના બની ચૂકી છે. રાષ્ટ્રીય લઘુમતી આયોગના ભૂતપૂર્વ ઉપાધ્યક્ષ અને નવસારીના વરિષ્ઠ નાગરિક કેરસી દેબુએ એડવોકેટ રાજન જોશી મારફતે નવસારી મહાનગરપાલિકાના કમિશનરને કાયદાકીય નોટિસ પાઠવી સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે સરબતિયા તળાવમાં ચાલી રહેલી કામગીરી ગુજરાત સરકારના પરિપત્ર મુજબ સંપૂર્ણપણે ગેરકાયદે છે અને રાજ્ય સરકારના પરિપત્રનો ખુલ્લેઆમ ઉલ્લંઘન કરવામાં આવી રહ્યો છે.

નોટિસમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે ગુજરાત સરકારના પરિપત્ર મુજબ તળાવ, નાળા, સ્ટોર્મ વોટર ડ્રેન અને અન્ય વોટર બોડીના નિર્ધારિત માર્જિનમાં કોઈપણ પ્રકારનું બાંધકામ, પાક્કું માળખું કે કાયમી પ્રવૃત્તિ કરવી મનાઈ છે. છતાં સરબતિયા તળાવની કિનારીમાં કામગીરી ચાલુ હોવી એ બતાવે છે કે નવસારી તંત્ર કાયદાને ગંભીરતાથી લેતું નથી અથવા કોઈ ખાસ છત્રછાયા હેઠળ બધું ચાલે છે.

એડવોકેટ રાજન જોશી દ્વારા પાઠવાયેલી નોટિસમાં વધુમાં જણાવાયું છે કે મહાનગરપાલિકા કમિશનર ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ હેઠળ જવાબદાર અધિકારી છે અને તેથી ગુજરાત સરકારના પરિપત્ર મુજબ તળાવની સુરક્ષા, કિનારી માર્જિન જાળવવી અને ગેરકાયદે પ્રવૃત્તિ અટકાવવી તેમની કાનૂની ફરજ છે. આ ફરજ હોવા છતાં જો ગેરકાયદે પ્રવૃત્તિ ચાલુ રહે છે તો તે માત્ર બેદરકારી નહીં પરંતુ કાનૂની ફરજમાં ગંભીર ચૂક (dereliction of duty) ગણાય.

ગુજરાત સરકારના પરિપત્ર મુજબ તળાવના માર્જિનમાં બાંધકામ થવાથી વરસાદી પાણીના નિકાલમાં અવરોધ થાય છે, પૂર અને પાણી ભરાવની સ્થિતિ સર્જાય છે અને જાહેર સલામતીને સીધું જોખમ ઊભું થાય છે. એટલે અહીં મુદ્દો સૌંદર્યનો નથી, જાહેર સુરક્ષા સાથે રમવાનો છે. છતાં નવસારી તંત્ર આ બધું જાણતા હોવા છતાં ચૂપ છે, જે તેની નીતિ અને નિયત બંને પર ગંભીર સવાલ ઊભા કરે છે.

### સામાન્ય નાગરિક નાનું બાંધકામ કરે તો નોટિસ, સીલ, તોડફોડ, આ કેસમાં ઢીલ કેમ?

શહેરમાં ખુલ્લેઆમ ચર્ચા છે કે સામાન્ય નાગરિક નાનું બાંધકામ કરે તો તરત નોટિસ, સીલ અને તોડફોડ થાય છે, તો પછી સરબતિયા તળાવના કેસમાં કેમ ઢીલ? શું અહીં કાયદો નબળો છે કે તંત્ર ઈચ્છાપૂર્વક અંધ બન્યું છે? નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકો પૂછે છે કે ગુજરાત સરકારના પરિપત્ર મુજબ નિયમો માત્ર કાગળ પૂરતા જ રહેવાના હોય તો પરિપત્રનો અર્થ શું?

### ગેરકાયદે પ્રવૃત્તિ બંધ નહીં કરાવાય તો કાયદેસરની કાર્યવાહીની ચીમકી

નોટિસમાં તાત્કાલિક અસરથી કામ બંધ કરાવી ગેરકાયદે પ્રવૃત્તિ દૂર કરવાની માંગ સાથે ચેતવણી આપવામાં આવી છે કે જો કાર્યવાહી નહીં થાય તો જવાબદાર અધિકારીઓ સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે. હવે પ્રશ્ન એક જ છે - નવસારીમાં કાયદાનું રાજ છે કે મનમાનીનું? જો તાત્કાલિક કાર્યવાહી નહીં થાય તો સરબતિયા તળાવનો મામલો તંત્રની વિશ્વસનીયતા પર સીધો ઘા ગણાશે.

**હજુ તો આયોજન નક્કી થયું ને શહેરીજનોને દર્દ થવા લાગ્યું**

# નવસારીના લોકોને અઢી કરોડનાં ફૂલોનો માર પડશે

**પહેલા** શહેરભરમાં ખાડા, તૂટેલા રસ્તા, ગંદુ પાણી, ગટર ઉભરાવા જેવી સમસ્યાઓનું સમાધાન લાવો

નવસારીઃ નવસારીમાં રૂ. અઢી કરોડના ફ્લાવર શો માટેના ટેન્ડર જાહેર થતા જ શહેરમાં ચર્ચાનો નહીં, પરંતુ રોષનો વંટોળ ફૂંકાયો છે. લોકો પૂછે છે "શહેરમાં ખાડા છે, રસ્તા તૂટેલા છે, પાણી ગંદું આવે છે, ગટર ઉભરાય છે, પરંતુ અધિકારીઓને ફૂલોની સુગંધ જ આવે છે!"

સોશિયલ મીડિયામાં ફરતા કટાક્ષ ભરેલા સંદેશાઓમાં સ્પષ્ટ લખાઈ રહ્યું છે કે "કર્મચારી બધા કોન્ટ્રાક્ટ પર છે, એમનો પગાર વધારવો નથી, વેરા બિલમાં રાહત આપવી નથી, પરંતુ ફૂલોના પાંદડા પર કરોડો ઉડાડવા તૈયાર!"

લોકો વ્યંગમાં કહે છે કે "પ્રજાનો ફાયદો કોણ જુએ છે? ફાયદો તો 'એ લોકો'નો થવો જોઈએ એટલે જ આયોજન થાય છે." આ "એ લોકો" કોણ છે એ ખુલ્લેઆમ કહેવાતું નથી, પણ ઈશારો બધાને સમજાય છે. કોઈકને તો ફાયદો થતો જ હશે, નહિતર અઢી કરોડનો શોખ કોણ કરે?

### ફ્લાવર શો શું લાવશે? રોજગાર? પાણી? રસ્તા? સફાઈ?????

નવસારીના સામાન્ય નાગરિક માટે આ ફ્લાવર શો શું લાવશે? રોજગાર? નહીં. પાણી? નહીં. રસ્તા? નહીં. સફાઈ? નહીં. તો પછી શું? બે-ચાર દિવસનો જલસો, ફોટા પડાવવાની તક અને સોશિયલ મીડિયામાં "વિકાસ"ના સ્ટેટસ!

### ફૂલો તો ઘરમાં પણ ઊગી જાય, પરંતુ ભ્રષ્ટાચાર સત્તાની છત્રછાયા વિના નહીં...

લોકો હવે ખુલ્લેઆમ કહે છે "જાગો, હજી મોડું નથી થયું." શહેરમાં શોભા કરતાં સુવિધા જરૂરી છે. ફૂલો તો ઘરમાં પણ ઉગી જાય, પરંતુ ભ્રષ્ટાચાર, દંભ અને દેખાડો સત્તાની છત્રછાયા વગર ઉગતા નથી. નવસારીની જનતા હવે પૂછે છે - "આ ફ્લાવર શો પ્રજાનો છે કે કોઈ ખાસ વર્ગનો?"

# વાપી સ્ટેશને ફૂટ ઓવરબ્રિજનો એક છેડો બંધ કરી દેવાતાં હાલાકી

**પૂર્વથી** પશ્ચિમ તરફ જનારાએ હવે પ્લેટફોર્મ-૧ ઉપર થઈને જ બહાર જવું પડશે



વાપીઃ વાપી રેલવે સ્ટેશન ઉપર પૂર્વથી પશ્ચિમ તરફ રેલવે સ્ટેશન ઉપરના ફૂટ ઓવરબ્રિજનો પશ્ચિમ તરફનો બહાર જતો બ્રિજનો છેડો બંધ કરાતા હવે પ્લેટફોર્મ-૧ ઉપર જઈને જ મુખ્ય દ્વારથી જઈ શકાશે. આ ફૂટ ઓવરબ્રિજ વાપીના લોકો ગીતાનગર તરફથી ટાઉનમાં જવા માટે પણ ઉપયોગમાં લેતા હોય છે.

દમણ તરફથી આવનારા પણ કેટલાક લોકો આ ફૂટ ઓવરબ્રિજથી ગીતાનગર તરફ પૂર્વમાં ગીતાનગર ચોકી તરફ નીકળીને પછી જીઆઈડીસી તરફ જતા હોય છે. છેલ્લા એક સપ્તાહથી હાલમાં રેલવે દ્વારા કામ શરૂ કરાયું હોવાથી પશ્ચિમ તરફનો દાદર બંધ કરી દેવામાં આવ્યો છે. એટલે હવે આ દાદર દ્વારા સીધા બહાર નીકળી જનારા રાહદારીઓ માટે હવે પ્લેટફોર્મ નં.૧ ઉપર થઈને જ રેલવે સ્ટેશનના મુખ્ય દ્વારથી જ બહાર નીકળી શકાય છે. જો કે આ દાદર કાયમ માટે બંધ કર્યો છે કે થોડા સમય માટે તે પણ એક પ્રશ્ન છે. પરંતુ હાલ તો પ્લેટ ફોર્મ-૧ ઉપરથી જનારા માટે ટિકિટનો પ્રશ્ન ઉપસ્થિત થશે. હવે આ પશ્ચિમ તરફનો દાદર ક્યાં સુધી બંધ રહે છે તે જોવું રહ્યું.

# ચણવઈનું તળાવ લાલ થઈ ગયું, કોઈએ ઝેર ભેળવ્યાની આશંકા

**માછલીઓના** મોત બાદ સ્થાનિક લોકોની દહેશતમાં સતત વધારો, ખેતી અને પશુપાલનમાં પણ હવે લાલ પાણી જોખમી



વલસાડઃ વલસાડના ચણવઈ ગામનું એક તળાવ હાલમાં ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. ગતરોજ સવારથી જ તળાવની સપાટી પર મોટી સંખ્યામાં મૃત માછલીઓ તરતી જોવા મળી હતી. હજારોની સંખ્યામાં માછલીઓના મોત થતા સ્થાનિક રહીશો અને માછીમાર સમુદાયને ફાળ પડી છે. ઘટનાસ્થળે પહોંચેલા સ્થાનિકોએ જોયું કે તળાવનું પાણી અચાનક લાલ રંગનું થઈ ગયું હતું. આ જોઈને ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે, કોઈ અસામાજિક તત્વો દ્વારા તળાવમાં ઝેરી પદાર્થ અથવા કેમિકલ ભેળવવામાં આવ્યું હોઈ શકે છે. આ કૃત્ય પાછળ કોઈ અદાવત કે બદ ઈરાદો હોવાની પણ આશંકા સેવાઈ રહી છે.

તળાવમાં નાની-મોટી હજારો માછલીઓ મૃત અવસ્થામાં મળી આવી હતી. તળાવનું પાણી લાલ થઈ જતા ખેતી અને પશુઓ માટેના વપરાશ પર જોખમ ઊભું થયું છે. માછલીઓના મોતના કારણે આસપાસના વિસ્તારમાં દુર્ગંધ ફેલાઈ છે અને રોગચાળો ફાટી નીકળવાનો ભય સતાવી રહ્યો છે. ઘટનાની જાણ થતા જ ગ્રામ પંચાયત અને સ્થાનિક અગ્રણીઓએ વહીવટી તંત્રને જાણ કરી હતી. જેના પગલે સંબંધિત વિભાગના અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. તળાવના પાણી અને મૃત માછલીઓના સેમ્પલ લેવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ સેમ્પલ્સને લેબોરેટરીમાં તપાસ માટે મોકલવામાં આવ્યા છે, જેથી મોતના ચોક્કસ કારણની ખબર પડી શકે.

# જલાલપોરના કોથમડી ગામે કદાવર દીપડો પાંજરે પુરાયો

**ઘણા** દિવસોથી દીપડાના આંટાફેરાથી સમગ્ર પંથકમાં ભયનો માહોલ હતો, 6 વર્ષીય દીપડાનો વન વિભાગે કબજો લીધો

નવસારીઃ નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના કોથમડી ગામમાં છેલ્લા ઘણાં દિવસોથી દીપડાની હાજરીને કારણે લોકો ભયમાં જીવતા હતા. ખેતરો, વાડી વિસ્તાર અને રહેણાંક નજીક દીપડો દેખાતો હોવાની ઘટનાઓ વધતાં ગ્રામજનો ચિંતિત બન્યા હતા. આ બાબતે ગામ લોકોએ નવસારી સામાજિક વનીકરણ વિભાગને જાણ કરતા વન વિભાગ તાત્કાલિક હરકતમાં આવ્યું હતું.

વન વિભાગના રાઉન્ડ ફોરેસ્ટર અમીષાબેન પટેલના માર્ગદર્શન હેઠળ ગામના ખાંજણ ફળિયામાં રહેતા વિજયભાઈ નવીનભાઈ પટેલના ઘર પાછળના વાડામાં પાંજરું ગોઠવવામાં આવ્યું હતું. આજે વહેલી સવારે શિકારની શોધમાં ફરતો દીપડો તે તરફ આવતા પાંજરામાં ફસાઈ ગયો હતો. દીપડો કેદ થયો હોવાની જાણ થતાં જ વન વિભાગની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી.

અમીષાબેન પટેલ અને સ્ટાફના નવલભાઈ રાઠોડ દ્વારા દીપડાને સંપૂર્ણ સુરક્ષિત રીતે કબજે લેવામાં આવ્યો હતો. વન વિભાગના જણાવ્યા અનુસાર પકડાયેલો દીપડો આશરે 6 વર્ષની ઉંમરનો છે. દીપડો પાંજરે પુરાતા જ ગામમાં ફેલાયેલો ભયનો માહોલ શાંત પડ્યો હતો અને રહિશોમાં રાહતની લાગણી છવાઈ ગઈ હતી.

# વિજલપોરમાં પડોશીઓએ યુવકને ઘરમાં ઘૂસી માર્યો

**રઘુકુલ** સોસાયટીની ઘટના, ચાર પડોશીએ મહિલા સહિત સમગ્ર પરિવારને ગાળાગાળી કરી ઢીક્કામુક્કીનો માર માર્યો

નવસારીઃ વિજલપોર પોલીસ સ્ટેશન વિસ્તારમાં રામનગર-૩ સ્થિત રઘુકુલ સોસાયટી, સાંઈ બંગલોઝ પાસે પડોશીઓ વચ્ચે થયેલો ઝઘડો હિંસક સ્વરૂપ ધારણ કરતાં મહિલા સહિત પરિવાર પર હુમલો થયાનો બનાવ સામે આવ્યો છે. આ ઘટનામાં એક વ્યક્તિને છાતીના ભાગે ઈજા પહોંચ્યાનું જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી મુજબ, ફરીયાદી સંજુબેન રમેશભાઈ બાઢુભાઈ નિષાદ (ઉ.વ. ૨૮, રહેવાસી વિજલપોર, રામનગર-૩, રઘુકુલ સોસાયટી, સાંઈ બંગલોઝ પાસે), ઘરકામ કરે છે. ૧૪/૦૧/૨૦૨૬ના રોજ રાત્રે અંદાજે ૧૦:૩૦ વાગ્યાના અરસામાં સંજુબેન પોતાના પરિવાર સાથે ઘરમાં હતા ત્યારે પાડોશમાં રહેતા પ્રકાશ રાવત, સ્વપ્નીલ રાવત, રોનિત રાવત તથા એક અજાણ્યા ઈસમે ગાળા-ગાળી શરૂ કરી હતી. બાદમાં આરોપીઓએ ઢીક્કા-મુક્કીનો માર માર્યો હતો.

આ હુમલામાં ફરીયાદીના દીયરને છાતીના ભાગે ઈજા પહોંચી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. એટલું જ નહીં, આરોપીઓએ પરિવારને જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.

બનાવ બાદ વિસ્તારમાં થોડીવાર માટે તણાવનું વાતાવરણ સર્જાયું હતું. ઘટનાની ગંભીરતા જોતા વિજલપોર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# દીપલા ગામે રિક્ષા પલટી જતાં પતિનું મોત, પત્ની ઈજાગ્રસ્ત

**PHC** ખાતે રિક્ષાચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા રિક્ષા પલટી જતા સચિનનું દંપતી ફંગોળાયું હતું


ફાઈલ ફોટો

નવસારીઃ મરોલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં દીપલા ગામ ખાતે PHC સામે ઉભરાટથી મરોલી જતા જાહેર રોડ પર સર્જાયેલા ગંભીર અકસ્માતમાં પતિનું સારવાર દરમિયાન મોત થયું છે, જ્યારે તેની પત્ની ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ છે.

પ્રાપ્ત માહિતી મુજબ, ફરીયાદી સાધનાબેન બબલુ નાથુરામ રાજપુત (ઉ.વ. ૩૨ વર્ષ), હાલ એવપ્રિલ પાર્ક સેક્ટર-૩, સચિન ખાતે રહે છે. તેઓ પતિ બબલુ નાથુરામ રાજપુત સાથે ઓટો રીક્ષા નંબર GJ-05-BY-4271માં મુસાફરી કરી રહ્યા હતા.

૧૪/૦૧/૨૦૨૬ના રોજ સાંજના અંદાજે ૫:૧૫ વાગ્યાના અરસામાં દીપલા PHC સામે ઉભરાટથી મરોલી જતા રોડ પર ઓટો રીક્ષાનો ચાલક ધમેન્દ્રકુમાર ઉર્ફે પિન્ટુ રામઆશરે જયસ્વાલ (રહેવાસી પાલીગામ, ચોર્યાસી, સુરત)એ સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતા રીક્ષા પલ્ટી ખાઈ ગઈ હતી.

આ અકસ્માતમાં ફરીયાદી સાધનાબેનને જમણા પગના ઘુટણથી પંજાની વચ્ચે ફ્રેક્ચર તેમજ ડાબા પગના તળીયાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. જ્યારે તેમના પતિ બબલુ નાથુરામ રાજપુતને જમણી સાઈડના ખભા, જમણી બાજુ પાંસળી અને છાતીના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું.

ઘટનાની જાણ બાદ મરોલી પોલીસે ફરિયાદ નોંધાવી તપાસ હાથ ધરી છે. સમગ્ર મામલે આગળની તપાસ કે.આર. ચાવડા, પોલીસ સબ-ઈન્સ્પેક્ટર, મરોલી પોલીસ સ્ટેશન દ્વારા કરવામાં આવી રહી છે.

# સ્ત્રીસમોવડા: વલસાડમાં 14 પુરુષે નસબંધી કરાવી

**વસતિ** નિયંત્રણ માટે માત્ર સ્ત્રીઓની જ જવાબદારી નહીં, સંયુક્ત ભાગીદારીનું ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું

**ધરમપુરના** 7 અને કપરાડાના 7 પુરુષના સરકારના અભિગમ મુજબ સફળ ઓપરેશન કરવામાં આવ્યાં

વલસાડ: વલસાડ જિલ્લામાં ડિસેમ્બર મહિનામાં કુલ ૧૪ જેટલા પુરૂષોએ નસબંધી ઓપરેશનો કરવામાં આવ્યા હોવાની વિગતો જાણવા મળી છે. જેમાં ધરમપુર તાલુકાના સાત અને કપરાડા તાલુકાના સાત પુરૂષના ઓપરેશન કરવામાં આવ્યા છે. મોટાભાગે કુટંબમાં આ માટે સ્ત્રીઓને જવાબદારી આપવામાં આવતી હોય છે, જે ખરેખર તો પુરૂષ અને સ્ત્રીની સંયુક્ત ભાગીદારી હોવી જોઈએ. વસ્તી સ્થિરતા માટે મોટેભાગે સ્ત્રી ઓપરેશનની પદ્ધતિ પ્રચલિત છે. પરંતુ સરકારના અભિગમ મુજબ કુટંબની સુખાકારી માટે પુરૂષોની ભાગીદારી પણ વધે તે માટે વિવિધ જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવે છે.

વલસાડ જિલ્લામાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એ.કે. સિંઘ અને અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડો.એચ.પી.સિંઘના માર્ગદર્શન હેઠળ ગત ડિસેમ્બર મહિનામાં કુલ ૧૪ પુરૂષ નસબંધી ઓપરેશનો કરવામાં આવ્યા છે. જેમાં ધરમપુર તાલુકાના સાત અને કપરાડા તાલુકાના સાત પુરૂષના ઓપરેશન કરવામાં આવ્યા છે. આ કામગીરી બદલ ધરમપુરના તાલુકા હેલ્થ ઓફિસર ડો. જિજ્ઞેશ માહલા અને કપરાડાના તાલુકા હેલ્થ ઓફિસરશ્રી ડો. મહેશ પટેલ દ્વારા કર્મચારીઓને પ્રોત્સાહિત કરાયા હતા.

આરોગ્ય ખાતાના જિલ્લા માહિતી, શિક્ષણ અને પ્રસારણ અધિકારી પંકજભાઈ પટેલ તથા ધરમપુર તાલુકાના તાલુકા માહિતી, શિક્ષણ અને પ્રસારણ અધિકારી રાયલુભાઈ એસ. ગાંવિત સાથે સંકલન કરી વધુમાં વધુ પુરૂષો નસબંધી અપનાવે તે માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું છે. નોંધનીય છે કે, એપ્રિલ ૨૦૨૫ થી આજદિન સુધીમાં જિલ્લામાં ૪૬ પુરૂષ ઓપરેશનો કરાવી સમાજમાં પરિવર્તનનો સંદેશ આપવામાં આવ્યો છે.

**ખેડૂતભક્ષી નિર્ણય?**

# કોલ્ડ સ્ટોરેજમાં મામલતદાર કચેરી!

**2011માં** 90 લાખના ખર્ચે નિર્માણ પામેલું સુવિધાયુક્ત કોલ્ડ સ્ટોરેજ 2013માં બંધ કરી દેવાયું, હવે મશીનો ધૂળ ખાય છે, જર્જરિત થવા લાગ્યું

**ખેતીપાકોને** કોલ્ડ સ્ટોરેજમાં રાખી ખેડૂતો સારી આવક રળી શકતા હતા, હવે મામલતદાર કચેરી શરૂ કરી દેવાતાં તમામ આશા પર પાણી




વલસાડઃ નાનાપોંઢા તાલુકાના મુખ્ય મથક ખાતે આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા વર્ષ 2010-11માં આશરે 90 લાખના ખર્ચે નિર્માણ કરાયેલું કોલ્ડ સ્ટોરેજ બિલ્ડિંગ આજે મામલતદાર કચેરીમાં તબદીલ થયું છે. પરિણામે આ વિસ્તારના ખેડૂતોને પાક સાચવવાની રહી સહી આશા ઉપર પાણી ફરી વળ્યું છે. કોલ્ડ સ્ટોરેજ બંધ થતા સરકારના લાખો રૂપિયા પાણીમાં ગયા છે, તેને ફરી શરૂ કરવાના કોઈ પ્રયત્નો નહીં થતા તાલુકાના ખેડૂતોને મળેલી સુવિધા હાલ છીનવાઈ ગઈ છે. કોલ્ડ સ્ટોરેજ જર્જરિત બની રહ્યું હતું. નાનાપોંઢા તાલુકો બનતા સરકારે મકાનને રીનોવેટ કરી અહીં મામલતદાર કચેરી બનાવી છે, જ્યારે કોલ્ડ સ્ટોરેજ લાખો રૂપિયાની મશીનરી કાટ ખાઈ રહી છે.

75 મેટ્રિક ટનની કેપિસિટી ધરાવતા કોલ્ડ સ્ટોરેજની શરૂઆત 2011માં કરવામાં આવી હતી. જેમાં પ્રિકુલિંગ ચેમ્બર, કુલિંગ ચેમ્બર, ગ્રેડિંગ, પેકીંગ વિભાગનો સમાવેશ થયો હતો. અહીં શરૂઆતમાં 45 ગામ અને 711 લાભાર્થીનો સમાવેશ કરાયો હતો. કોલ્ડ સ્ટોરેજને લઈ વિસ્તારમાં તૈયાર થતા વિવિધ પાકો, શાકભાજી જેવા કે ભીંડા, રીંગણા, કારેલા, દૂધી, બટાટા, આમલી જ્યારે ભાવ ઓછો હોય ત્યારે ખેડૂતો કોલ્ડ સ્ટોરેજમાં મૂકી દેતા હતા અને ભાવ વધુ હોય ત્યારે માર્કેટમાં વેચાણ માટે મુક્તા હતા, જેને લઈને ખેડૂતોને પાકના ઉંચા ભાવ મળી જતા હતા.

સ્થાનિક ખેડૂતોએ સહ્યાદ્રી ખેડૂત વિકાસ મંડળી પણ બનાવી હતી. જેમાં 711 લાભાર્થી જોડાયા હતા અને કોલ્ડ સ્ટોરેજનો લાભ લઈ રહ્યા હતા. જો કે કેટલાક કારણોસર 2013થી જ કોલ્ડ સ્ટોરેજ બંધ થઈ જતા આદિવાસી ખેડૂતોને મળેલી સુવિધા છીનવાઈ ગઈ છે. થોડા સમય અગાઉ કોલ્ડ સ્ટોરેજને શરૂ કરવાની વાતો વહેતી થઈ હતી. જો કે હવે આ મકાનમાં મામલતદાર કચેરી શરૂ થતા ખેડૂતોની રહી સહી આશા ઉપર પણ પાણી ફરી વળ્યું છે. આવનારા સમયમાં નાનાપોંઢા મામલતદાર કચેરીનું નવું મકાન બનાવવામાં આવે તો ફરી અહીં કોલ્ડ સ્ટોરેજ શરૂ કરવામાં આવે તો ખેડૂતો માટે સુવિધા ઉભી થશે તેવી લાગણી અને માંગણી ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે.

# ઉભરાટના દરિયામાં નાહવા ગયેલા સુરતના યુવકનું મોત

**સચિનમાં** નોકરી કરતો શ્રમજીવી સાથીદાર સાથે ઉભરાટ ફરવા આવ્યો હતો, અજાણતા દરિયાના ઊંડા પાણીમાં ધસી ગયો

નવસારીઃ મરોલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઉંભરાટ ગામ તરફના દરિયાકાંઠે એક દુર્ઘટનામાં નાહવા ગયેલા યુવકનું ડૂબી જવાથી મોત નિપજ્યું છે.

મૃતકનું નામ લક્ષ્મણભાઈ કેવટ (ઉ.વ. ૨૪ વર્ષ) હોવાનું જાણવા મળ્યું છે. તેઓ મૂળ મધ્યપ્રદેશ રાજ્યના સિધી જિલ્લાના મજોલી તાલુકાના મજોલી ગામના રહેવાસી હતા અને હાલ સુરત જિલ્લાના સચિન જીઆઈડીસી રોડ વિસ્તારમાં આવેલી શિવાંજલી સોસાયટીમાં ઘર નં. ૫૪ ખાતે વસવાટ કરતા હતા. લક્ષ્મણભાઈ વ્યવસાયે સિલાઈ મશીન પર કામ કરતા હતા.

ઘટના અંગે મળેલી વિગતો અનુસાર, ૧૫/૦૧/૨૦૨૬ના રોજ બપોરે અંદાજે ૨:૩૦ વાગ્યાના અરસામાં લક્ષ્મણભાઈ ઉંભરાટ ગામ તરફના દરિયાકાંઠે નાહવા ગયા હતા. નાહતા સમયે તેઓ અજાણતાં દરિયાના ઊંડા પાણીમાં ઉતરી ગયા હતા, જેના કારણે સંતુલન ગુમાવતા પાણીમાં ડૂબી ગયા અને સ્થળ પર જ તેમનું મોત થયું હતું.

ઘટનાની જાણ સાથી નિરજ કેવટ (ઉ.વ. ૨૦ વર્ષ) દ્વારા મરોલી પોલીસને કરવામાં આવી હતી.

## વલસાડના રોલામાં હાઈવે ઓળંગી રહેલા યુવકનું વાહનની ટક્કરે મોત

વાપી/વલસાડઃ વલસાડના રોલા ગામ પાસે હાઈવે ઓળંગી રહેલા યુવકનું વાહનની ટક્કરે મોત નીપજ્યું હતું.

ગત 14-1-26ના રોજ રાત્રીના આઠેક વાગ્યાની આસપાસ સુરજન લાલચંદ કોરવા (ઉં.33, હાલ રહે. રોહન કોલોની, રોલા, મૂળ ઝારખંડ) રોલા ગામ, શ્રીશોલ કંપની પાસે ને.હા.નં.48 માર્ગ ઓળંગી રહ્યો હતો, તે સમયે કોઈક વાહનની અડફેટે આવી ગયો હતો. તેને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું મોત નીપજ્યું હતું. બનાવ અંગેની જાણ સંતોષ હરિહર સિંહ (ઉં.31, રહે. રોહન કોલોની, રોલા, મૂળ ઝારખંડ) એ ડુંગરી પોલીસ મથકમાં કરી હતી.